તાપમાન
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૫૫ | ૬ મે, ૨૦૧૬, શુક્રવાર ; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## કનૈયા કુમારની તબિયત લથડી

નવી દિલ્હી,તા. ૫

જેએનયુ વિવાદ હજુ શાંત થઇ રહ્યો નથી. કેમ્પસમાં છેલ્લા એક સપ્તાહથી ભુખ હડતાળ પર રહેલા જેએનયુ વિદ્યાર્થી લેતા કનૈયા કુમારની હાલત આજે વધારે ખરાબ થઇ ગઇ હતી. જેના કારણે કનૈયા કુમારને હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી. કનૈયા કુમારના મિત્ર ઉમર ખાલિદ દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં કનૈયાના મિત્ર ઉમર ખાલિદે કહ્યુ હતુ કે કનૈયાની હાલત કફોડી છે. તે અર્ધ બેભાનની સ્થિતીમાં છે.

## એડમીનરલ સુનીલ લામ્બા નૌસેનાના વડા નિમાયા



નવીદિલ્હી, તા. ૫

નૌસેનાના વાઈસ એડમીનરલ સુનીલ લામ્બા મુખ્ય નૌસેના અધિકારી નિમણુંક પામ્યા છે. ૫૮ વર્ષીય લામ્બા ૩૧મી મેના રોજ નવા હોદ્દાનો હવાલો સંભાળશે. ત્રણ વર્ષ સુધી કાર્યભાર સંભાળનાર સુનીલ લામ્બા એડમીનરલ આર. કે. ધવલના અનુગામી બની રહ્યા છે.

# ઉજ્જૈન કુંભ મેળામાં ભારે વરસાદથી અફડાતફડી





### પ્રચંડ પવન સાથે ભારે વરસાદ પડતાં ૯નાં મોત, સેંકડો ઘાયલ : સિંહસ્થ કુંભ મેળામાં મોટી સંખ્યામાં ટેન્ટ પડ્યા, જનજીવન ખોરવાયુ : બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી : એક કલાકથી પણ વધારે સમય સુધી વરસાદ : પડી ગયેલા ટેન્ટની નીચે મોટી સંખ્યામાં લોકો ફસાયા

ઈન્દોર, તા.૫

ઉજજૈનમાં સિહસ્થ કુંભ મેળાના આસપાસના વિસ્તારો અને અન્યત્ર પડેલા ભારે વરસાદના કારણે ખુબ નુકસાન થયુ છે. પ્રાથમિક હેવાલ મુજબ ભારે વરસાદ અને પ્રચંડ વાવાઝોડા સાથે સંબંધિત બનાવોમાં ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા છે અને સેંકડો લોકોને ઈજા થઈ છે. મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ભારે વરસાદ અને પ્રચંડ વાવાઝોડાના કારણે ટેન્ટ તુટી પડવા અને વૃક્ષો ધરાશાયી થવાના શ્રેણીબદ્ધ બનાવો બન્યા છે.આશરે એક કલાક સુધી સુધી ભારે વરસાદ પડતા ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ હતુ. હાલમાં સિંહસ્થ કુંભ મેળો ચાલી રહ્યો છે. જેના કારણે મોટી સંખ્યામાં સાધુ સંતો અને શ્રદ્ધાળુઓ ટેન્ટમાં રોકાયેલા છે. એક મહિના સુધી કુંભ મેળો ચાલનાર છે. અન્ય એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોટી સંખ્યામાં લોકો ટેન્ટની નીચે ફસાયા હોવાના હેવાલ મળ્યા છે. ઉજ્જૈનમાં એક મહિના સુધી ચાલનાર ધાર્મિક કુંભ સિંહસ્થ

● અનુસંધાન પાન-૭ પર

## હરીશ રાવતને પુછપરછ માટે સીબીઆઈનું સમન્સ

નવી દિલ્હી,તા. ૪

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સીબીઆઈએ આજે ભારે ચકચાર જગાવનાર સ્ટીંગ સીડીના સંબંધમાં ઉત્તરાખંડના પૂર્વ મુખ્યપ્રધાન હરીશ રાવતની સામે સમન્સ જારી કર્યુ હતુ. આની સાથે જ રાવતની પુછપરછનો તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. ઓગષ્ટા વેસ્ટલેન્ડ લાંચ સોદાબાજીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ દબાણઁની સ્થિતીનો સામનો કરી રહ્યા છે ત્યારે હવે હરીશ રાવતની સામે પણ સમન્સ જારી કરવામાં આવ્યુ છે. સ્ટીશ સીડીમાં હરીશ રાવત કેટલાક ધારાસભ્યોને લાંચની ઓફર કરતા નજરે પડી રહ્યા છે. એક ખાનગી ટીવી ચેનલ દ્વારા સ્ટીગ વિડિયો તૈયાર કરવામા આવ્યા બાદ રાવતની મુશ્કેલી વધી ગઈ હતી. રાવત સામે કેન્દ્રના સ્તરે દબાણ આવી ગયુ હતુ. રાવતે કેટલાક ખુલાસા પણ કર્યા હતા જો કે તેમની તકલીફ ઓછી થઈ ન હતી.

# અમરેલી-કચ્છ જિલ્લામાં વાવાઝોડા સાથે વરસાદ

### રાજ્યભરમાં ધુળની ડમરીઓ સાથે ધુળીયુ વાતાવરણ : અનેક જગ્યાએ કરા પડ્યા : પાકને નુકસાનનો ભય

અમદાવાદ, તા.૫

સુમારે ઉત્તરભારતના હરિયાણા, પંજાબ અને ઉત્તર રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં વેસ્ર્ટન ડીસ્ર્ટબન્સ અને અપરએર સર્કયુલેશન સિસ્ટમ સર્જાતા ઉત્તરભારતના તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પ્રતિ કલાકના ત્રીસ કીલોમીટરની ઝડપથી ડસ્ટસ્ટ્રોમની અસર જોવા મળી હતી. બીજી તરફ આ અસર એટલી તીવ્ર હતી કે નોર્થ રાજસ્થાનમાં સર્જાયેલ ડસ્ટ સ્ટ્રોમને લઈ રાજસ્થાનથી ધૂળની ડમરી છેક ગુજરાત સુધી આવી પહોંચી હતી. છેલ્લા કેટલાક દીવસોથી સમગ્ર રાજયમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળતું હતું. જેમાં ડસ્ટસ્ટ્રોમને પગલે આજે વહેલી સવારથી રાજયમાં અમદાવાદ સહીત તમામ શહેરોમાં વેગીલા પવન સાથે ધૂળની ડમરીઓ ઉડતા લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવવી પડી હતી. તો વાહન ચાલકોને પણ અવરોધ સહેવો પડ્યો

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો : ૮૩ સનદી અધિકારીઓ બદલાયા

**ગાંધીનગર કલેક્ટર શ્રી રવિશંકર તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભિમજીયાણી બદલાયા : કલેક્ટર તરીકે સતીષ પટેલ અને ડીડીઓ તરીકે દેવાંગ દેસાઈ નિમાયા : માહિતી કમિશનર સુધીર રાવલ બદલાયા માહિતી નિયામક પદે એ. જે. શાહ નિમાયા**

ગાંધીનગર, તા.૫

ગુજરાત સરકારે વહીવટીતંત્રમાં ઉચ્ચસ્તરીય ફેરફાર કરવાના ભાગરૂપે આજે જિલ્લા કલેકટરો તથા ડીડીઓ સહિત ૮૩ આઈએએસ અધિકારીઓની સામુહિક બદલીઓના આદેશ મોડી સાંજે જારી કર્યા હતા. જેમાં ગાંધીનગરના કલેક્ટર શ્રી રવિશંકરની જુનાગઢ મ્યુનિસિપલ કમિશનર તરીકે બદલી કરાઈ છે. જ્યારે ગાંધીનગર કલેક્ટર તરીકે દાહોદ જિલ્લા વિકાસ અધિકારી સતીષ પટેલની નિમણુંક કરાઈ છે. જ્યારે ગાંધીનગર ડી.ડી.ઓ. શ્રી કે.એમ. ભિમજીયાણીને નર્મદા કલેક્ટર તરીકે બદલી કરાઈ છે. તેમના સ્થાને અમદાવાદ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈની બદલી કરાઈ છે. આ ઉપરાંત માહિતી કમિશનર તરીકે શ્રી એ. જે. શાહ નિમાયા છે. જુનાગઢ મ્યુનિસિપલ કમિશનર આર. જી. ત્રિવેદીની મધ્યાહ્ન ભોજન કમિશનર તરીકે બદલી કરાઈ છે.

આ ઉપરાંત અમદાવાદના કલેકટર તરીકે અવંતિકાસિંહ, સુરતના કલેકટર તરીકે અવંતિકાસિંહ, સુરતના કલેકટર તરીકે મહેન્દ્ર પટેલ, રાજકોટના કલેકટરપદે વિક્રાંત પાંડે તથા વડોદરાના કલેકટર તરીકે લોચનસિંહ શહેરા કચ્છમાં એમ ગાંધી જુનાગઢમાં રાહુલ ગુપ્તાને મુકવામાં આવ્યા છે. કલેકટોરેને બદલવામાં આવ્યા છે. જ્યારે બીજા તબક્કામાં મ્યુનિ. કમિશનરોને પણ બદવામાં આવશે તેવા નિર્દેશો મળી રહ્યા છે. ગુજરાત વિધાનસભાની વર્ષ ૨૦૧૭માં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા રાજય સરકારે વહીવટીતંત્રમાં ધરમૂળ ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે.

આજે ૮૩ આઈએએસની બદલીઓ, બાદ હવે બાકી રહેલા વધુ આઈએએસ સહિત આઈપીએસ અધિકારીઓની બદલીઓની શક્યતાઓ વર્તાઈ રહી છે. ગુજરાત સહિત દેશના તમામ રાજ્યોમાં સામાન્ય રીતે ચૂંટણી પહેલા પોતાના માનીતા ઉચ્ચ અધિકારીઓને જે તે મતવિસ્તારોમાં ગોઠવવા વહીવટીતંત્ર તથા પોલીસતંત્રમાં મોટાપાયે બદલીઓ કરવામાં આવે છે. ગુજરાત સરકારે આજે કલેકટરો તથા ડીડીઓની બદલીઓનો ગંજીયો સીપી વહીવટીતંત્રમાં ફેરફાર કર્યા છે અને હજુ પણ વધુ બદલીઓનો દૌર આવશે તેમ જાણવા મળે છે.

## કોની બદલી - ક્યાં કરાઈ

| અધિકારીનું નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| રવિશંકર | કલેક્ટર, ગાંધીનગર | મ્યુનિ. કમિશનર, જુનાગઢ |
| સતીષ પટેલ | ડીડીઓ, દાહોદ | કલેક્ટર, ગાંધીનગર |
| કૌશિક ભિમજીયાણી | ડી.ડી.ઓ., ગાંધીનગર | કલેક્ટર, નર્મદા |
| દેવાંગ દેસાઈ | ના.મ્યુ. કમિશનર, અમદાવાદ | ડી.ડી.ઓ. ગાંધીનગર |
| જૈનુ દેવાન | કલેક્ટર, છોટાઉદેપુર | કલેક્ટર, બનાસકાંઠા |
| એમ. નાગરાજન | ડી.ડી.ઓ. સાબરકાંઠા | કલેક્ટર, બોટાદ |
| લલિત પાડલિયા | જોઈન્ટ ઈલેક્ટ્રોલ, ઓફિસર, ગાંધીનગર | કલેક્ટર, દાહોદ |
| આલોક પાંડે | કલેક્ટર, જૂનાગઢ | કલેક્ટર, મહેસાણા |
| ડી.એસ. ગઢવી | ગ્રામ ના. વિકાસ કમિશનર, ગાંધીનગર | ડી.ડી.ઓ., ડાંગ |
| સુધીર પટેલ | ડી.ડી.ઓ., અરવલ્લી | ડી.ડી.ઓ., ખેડા |
| આર.બી. રાજ્યગુરૂ | સંયુક્ત સચિવ રાજ્ય ચૂંટણી પંચ | ડી.ડી.ઓ., પાટણ |
| એચ.જે. વ્યાસ | નિયામક ગ્રામ વિકાસ એજન્સી, પાટણ | ડી.ડી.ઓ., સાબરકાંઠા |
| રાજેશ માંઝુ | કલેક્ટર, પાટણ | નાયબ મ્યુનિ. કમિશનર, સુરત |
| મનોજ દક્ષિણી | કાર્યવાહક નિયામક સાયન્સ સીટી | કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક |
| રાજેન્દ્ર ત્રિવેદી | મ્યુ. કમિશનર, જુનાગઢ | કમિશનર મધ્યાહન ભોજન, ગાંધીનગર |
| એ.જે. શાહ | ખાસ ફરજ પરના અધિકારી, વા.વ્ય. વિ. | માહિતી નિયામક, ગાંધીનગર |
| એસ.બી. રાવલ | માહિતી કમિશનર, ગાંધીનગર | સચિવ, માનવ અધિકાર પંચ |
| જી.આર. ચૌધરી | કમિશનર, આદિજાતિ વિકાસ | કમિશનર ઓફ બ્યુરો ઓફ પબ્લીક એન્ટરપ્રાઈઝ |
| કે.કે. નિરાલા | કલેક્ટર, ખેડા | કલેક્ટર, પાટણ |
| એમ. એ. ગાંધી | કલેક્ટર, દાહોદ | કલેક્ટર, કચ્છ |
| આર. એસ. નિનામા | જિલ્લા વિકાસ અધિકારી તાપી-વ્યારા | મેનેજીંગ ડિરેક્ટર અુન. જાતિ વિ.નિ. |


